દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

# ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

સોમવાર ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬

# જો બોયેગા વહીં પાયેગા તે ઉક્તિ પાકિસ્તાન પર અત્યારે એકદમ સચોટ બેસી રહી છે

હવે પાકિસ્તાન બ્રિક્સમાં એન્ટ્રી કરવા માટે તલપાપડ બન્યું છે. જો કે, તાજેતરમાં જ તુર્કી, પાકિસ્તાન અને સઉદીએ બનાવેલી યુતી સઉદી પર હુથીના હુમલા બાદ ખુલ્લી પડી ગઇ છે. પાકિસ્તાન હાલમાં તેના જ આંતરિક હુમલામાં ઘેરાયેલું છે કે અન્ય કોઇ દેશ તેનો હાથ પકડી શકે તેમ નથી. પાકિસ્તાન ભલે લાળ ટપકાવે પરંતુ તેની સ્થિતિ દિવસેને દિવસે નાજૂક થથી જાય છે. પાકિસ્તાનમાં વધી રહેલો આંતરિક આતંકવાદ અને સુરક્ષા સૈનિકોની ખુવારીછેલ્લા કેટલાક મહિનાઓમાં પાકિસ્તાનની આંતરિક સુરક્ષા સ્થિતિ અત્યંત ગંભીર અને ચિંતાજનક બની છે. દેશના મુખ્યત્વે બે પશ્ચિમી પ્રાંતો–ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાન (Balochistan) સતત આતંકવાદી હુમલાઓ અને હિંસક આંતરિક સંઘર્ષોની લપેટમાં છે. જુલાઈ અને ઓગસ્ટ મહિનાઓ દરમિયાન પાકિસ્તાનમાં સશસ્ત્ર જૂથો દ્વારા અનેક આત્મઘાતી, બોમ્બ વિસ્ફોટ, સરકારી ચોકીઓ પર દરોડા અને હાઇવે પર હુમલાઓ કરવામાં આવ્યા છે. છેલ્લા બે મહિનામાં થયેલા હુમલા અને નુકસાન પાકિસ્તાની રિસર્ચ ઓર્ગેનાઇઝેશન્સ અને સૈન્ય સુત્રો મુજબ, પાકિસ્તાનમાં ફક્ત જુલાઈ મહિનામાં જ આંતરિક હુમલા અને જવાબી સૈન્ય કાર્યવાહીમાં ૬૦૦થી વધુ લોકોના મોત થયા હતા, જે વર્ષ ૨૦૨૬ નો સૌથી હિંસક મહિનો સાબિત થયો હતો. ઓગસ્ટ અને સપ્ટેમ્બર સુધીમાં પણ હિંસાની આ શ્રેણી અટકી નથી. હુમલાની સંખ્યાની વાત કરીએ તો પાકિસ્તાનભરમાં છેલ્લા બે મહિનામાં નાની-મોટી ૧૦૦ થી વધુ આતંકવાદી ઘટનાઓ નોંધાઈ છે. મૃત્યુ પામેલા સૈનિકો પર નજર કરીએ તો સૈન્ય તથા પોલિસ ડેટા અનુસાર, છેલ્લા બે મહિના દરમિયાન અંદાજે ૬૦ થી ૮૦ જેટલા પાકિસ્તાની સૈન્ય અને અર્ધસૈનિક દળો (ફ્રન્ટિયર કોર્પ્સ અને સ્થાનિક પોલીસ) ના જવાનો માર્યા ગયા છે. જ્યારે સમગ્ર વર્ષ ૨૦૨૬ માં સુરક્ષા દળોના મૃત્યુનો આંકડો ૫૦૦ ને વટાવી ચૂક્યો છે. પાકિસ્તાનમાં આંતરિક અસ્થિરતા પાછળ મુખ્યત્વે બે અલગ-અલગ વિચારધારા ધરાવતા અને ભૌગોલિક રીતે વહેંચાયેલા આતંકવાદી સંગઠનો જવાબદાર છે. જેમાં એક છે તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન એટલે કે TTP. તેહરીક-એ-તાલિબાન પાકિસ્તાન મુખ્યત્વે ખૈબર પખ્તુનખ્વા પ્રાંત અને અફઘાનિસ્તાનની સરહદને અડીને આવેલા વિસ્તારોમાં સક્રિય છે. TTP પાકિસ્તાનમાં ઇસ્લામિક શરિયા કાયદો લાગુ કરવા માંગે છે અને પાકિસ્તાન સરકાર તથા સૈન્યને પોતાનો મુખ્ય દુશ્મન માને છે. તેઓ આત્મઘાતી હુમલા અને સૈન્ય કાફલાઓ પર આઈઈડી (IED) વિસ્ફોટો માટે જવાબદાર છે. જ્યારે બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA) અને બલૂચ બળવાખોરો હાલમાં સૌથી વધુ આક્રમક બની ચૂક્યા છે. બલૂચિસ્તાન પ્રાંતમાં સક્રિય BLA જેવા અલગતાવાદી સંગઠનો બલૂચિસ્તાનની આઝાદી માટે લડી રહ્યા છે. તેઓ પાકિસ્તાની સેના પર તેમની કુદરતી સંપત્તિ લૂંટવાનો અને ચીન-પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોર (CPEC) પ્રોજેક્ટ્સ દ્વારા તેમનું શોષણ કરવાનો આરોપ મૂકે છે. જુલાઈ મહિનામાં BLA દ્વારા હાથ ધરાયેલા સંકલિત હુમલાઓમાં મોટી સંખ્યામાં પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા. તો બીજી તરફ ઇસ્લામિક સ્ટેટ ખોરાસાન પ્રોવિન્સ (ISKP) પણ છેલ્લા કેટલાક સમયથી સક્રિય થઇ ગયું છે. કેટલાક શહેરી અને સરહદી વિસ્તારોમાં ISKP દ્વારા પણ ટાર્ગેટ કિલીંગ અને બોમ્બ વિસ્ફોટ કરવામાં આવે છે. તાજેતરની મુખ્ય ઘટનાઓ જુલાઈ ૨૦૨૬ (બલૂચિસ્તાન હુમલાઓ): જુલાઈના પ્રથમ અને બીજા અઠવાડિયામાં બલૂચિસ્તાનના ઝિયારત, ક્વાટા અને લાસબેલા જિલ્લામાં BLA દ્વારા શ્રેણીબદ્ધ હુમલાઓ કરવામાં આવ્યા. પોલિસ ચેકપોસ્ટ પર દરોડા અને સૈન્ય કાફલા પર હુમલો કરીને ૩૮ થી ૪૨ જેટલા સુરક્ષાકર્મીઓની હત્યા કરવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૨૬ (ઓપરેશન્સ અને પલટો) ખૈબર પખ્તુનખ્વાના ઉત્તર વઝીરિસ્તાન અને બન્નુ વિસ્તારોમાં TTP સાથેની અથડામણોમાં સતત પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે. પાકિસ્તાની સેનાએ પણ ઓપરેશન ચલાવીને અનેક આતંકવાદીઓને ઠાર કર્યાનો દાવો કર્યો હતો. નિષ્કર્ષ પાકિસ્તાનની પોતાની જ જમીન પરથી ઉભરાયેલો આતંકવાદ આજે તેના જ સૈન્ય માટે મોટો પડકાર બની ગયો છે. અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન આવ્યા પછી TTP ને મળેલા પ્રોત્સાહન અને બલૂચિસ્તાનમાં વધતા જતા અસંતોષને કારણે પાકિસ્તાન આંતરિક રીતે નબળું પડી રહ્યું છે. સેના અને આતંકવાદીઓ વચ્ચેનો આ હિંસક સંઘર્ષ દેશની આર્થિક સ્થિતિ અને સુરક્ષા વ્યવસ્થાને વધુ કંગાળ બનાવી રહ્યો છે.

## આજનો શબ્દ છે : ફૂટડા (અથવા ફૂટડું)

ફૂટડા, ફૂટડો, ફૂટડું એટલે સુંદર, રૂપાળું, દેખાવમાં અતિશય આકર્ષક હોય, જેનાં અંગો-અવયવો એકદમ પ્રમાણસર, સ્પષ્ટ અને સપ્રમાણ ખીલેલાં હોય. ફૂટડું એટલે મનોહર, ચિત્તાકર્ષક. કૃષ્ણના સૌંદર્યનું વર્ણન ફૂટડા કાનજી યા શામળિયો ફૂટડો કહીનેય થયું છે. આ શબ્દ સ્ફુટ (સંસ્કૃત) પરથી ઊતરી આવ્યો છે. સંસ્કૃતમાં સ્ફુટ એટલે એકદમ સ્પષ્ટ, ખીલેલું, પ્રગટ હોય તે. સ્ફુટ શબ્દ પ્રાકૃતમાં ફુટ્ટ, અપભ્રંશ જૂની ગુજરાતીમાં ફૂટ અને પછી અલ્પતાવાચક પ્રત્યય 'ડું' કે 'ડો' લાગવાથી 'ફૂટડું' અથવા 'ફૂટડા' શબ્દ બન્યો.

## નઝ્મે-ઝિંદગી : રંગે શાયરી

**ફૈઝ અહમદ ફૈઝ**

**૧૩ ફેબ્રુઆરી ૧૯૧૧ થી ૨૦ નવેમ્બર ૧૯૮૪**

*ભારતીય ઉપમહાદ્વીપના વિખ્યાત પંજાબી-ઉર્દૂ શાયર. ક્રાંતિકારી અને રોમેન્ટિક કવિતાથી મશહુર. લશ્કરમાં સેવા, પાકિસ્તાનની સરમુખત્યારી શાસનના વિરોધમાં જેલનિવાસ. જેલમાં લખેલી 'જિન્દાન-નામા' ખૂબ લોકપ્રિય. પહેલાં ભારતીય પછી પાકિસ્તાનના નાગરિક. પ્રગતિવાદી લેખક આંદોલનના આંદોલક. નોબેલ સાહિત્ય પુરસ્કાર માટે નોમિનેશન. લેનિન શાંતિ પુરસ્કાર, નિશાન-એ-ઈમ્તિયાઝ સહિત અનેક રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સન્માન. ૧૯૪૧માં 'નક્ષ-એ-ફરિયાદી'થી માંડી આખરી 'ગુબાર-એ-અય્યામ' સહિત ૨૩થી વધુ પુસ્તકો. સાહિર, કૈફી, ફિરાકના સમકાલીન શાયર. 'બોલ કે લબ આઝાદ હૈ તેરે...' આજે પણ ક્રાંતિકારીઓની પસંદ*



* * *

**ગુલોં મેં રંગ ભરે બાદ-એ-નૌ-બહાર ચલે**
**ચલે ભી આઓ કે ગુલશન કા કારોબાર ચલે**

* * *

**કબ ઠહરેગા દર્દ એ દિલ કબ રાત બસર હોગી**
**સુનતે થે વો આયેંગે સુનતે થે સહર હોગી**

* * *

**શામ-એ-ફિરાક અબ ન પૂછ આઈ ઔર આ કે ટલ ગઈ**
**દિલ થા કિ ફિર બહલ ગયા બંધી કિ ફિર સંભલ ગઈ**

* * *

**ઔર ભી દુઃખ હૈ ઝમાને મેં મોહબ્બત કે સિવા**
**રાહતેં ઔર ભી હૈ વસ્લ કી રાહત કે સિવા**
**મુઝ સે પહલી સી મોહબ્બત મેરી મહબૂબ ન માંગ.**

## વચન

**અભાવો પર વિજય મેળવવો જ જીવનની સફળતા છે. તેને સ્વીકારી લઈ તેની ગુલામી કરવી તે તો કાયરતા છે.**

શરદબાબુ

બંગાળના મહાન નવલકથાકાર

**સાચો પ્રેમ કરવામાં સ્ત્રીઓની શક્તિ અને સાહસ પુરુષથી અનેકગણા વધારે છે. તે કાંઇ પણ નથી માનતી. પુરુષ જ્યાં ભયથી વિહ્વળ થઈ ઊઠે છે, સ્ત્રીઓ ત્યાં એકદમ બેખૌફ ઊભી રહી જાય છે.**

શરદબાબુ

**માણસ નિરુત્તર થઈ જાય તેનો વાંધો નહીં, ભલે નહીં બોલે! પણ જો નિષ્પ્રશ્ન થયો તો માનો કે પૂરો જ થઈ ગયો.**

પુ. લ. દેશપાંડે

મરાઠી લોકપ્રિય લેખક

**આપણાથી કોઈને કંટાળો આવે છે એ સમજવું બહુ ભય પમાડનારું છે.**

પુ. લ. દેશપાંડે

**સારું-ખરાબ, ખરું-ખોટું... જ્યારે તમે ચીજોને આ રીતે જુઓ છો ત્યારે તમે પૂરાં સત્યને જોઈ નથી શકતા.**

વિજય તેંડુલકર

મરાઠી ભાષાનાં ઉત્તમ નાટ્યકાર

**પાણી પર નિશાની કરી શકાતી નથી એટલે જ તો નદીને સ્મૃતિનો ભય નથી હોતો**

ગિરીશ કર્નાડ

કન્નડ નાટ્યકાર ('હયવદન' નાટકમાંથી)

## હું પૂછું, તમે કહો

**(૧) કનૈયાલાલ મુનશીની પહેલી નવલકથાનું નામ 'વેરની વસૂલાત' છે, જે 'ગુજરાતી' નામના સાપ્તાહિકમાં ધારાવાહિક રૂપે પ્રગટ થયેલી. પણ લેખકે આ નવલકથા ઉપનામ રાખીને પ્રસિદ્ધ કરેલી. શું હતું એ ઉપનામ?**

(ક) ઘનશ્યામ વ્યાસ (ખ) શંકરલાલ મુનશી
(ગ) જ્યોતીન્દ્ર મહેતા (ઘ) ધુરંધર

**(૨) જાતીય સંબંધો અને કામુક નિરૂપણોને આલેખતી અને ઘણી ચર્ચાસ્પદ બનેલી નવલકથા 'સરી જતી રેતી-૧-૨'ના લેખક કોણ છે?**

(ક) પીતાંબર પટેલ (ખ) રમણલાલ જોશી
(ગ) યશોધર મહેતા (ઘ) કોલક

**(૩) કોઈપણ ભાષાના શબ્દો, તેના અર્થ, વ્યુત્પત્તિ અને ઉપયોગ દર્શાવતા ગ્રંથ કે સંગ્રહને શું કહેવાય?**

(ક) જોડણીકોશ (ખ) શબ્દકોશ
(ગ) પર્યાયકોશ (ઘ) વિશ્વકોશ

**(૪) ગુજરાતી ભાષાના પહેલા શબ્દકોશ તરીકે કવિવીર નર્મદના 'નર્મકોશ'ને ગણવામાં આવે છે. આશરે ૨૫,૨૬૮ શબ્દોવાળો એ કોશ કયા વર્ષમાં પ્રગટ થયેલો?**

(ક) ૧૯૬૨ (ખ) ૧૮૯૫
(ગ) ૧૯૦૧ (ઘ) ૧૮૭૩

**(૫) આપણા ગુજરાતના પ્રખર ચિંતક, વિવેચક, સાહિત્યકાર બનારસની 'બનારસ હિન્દુ યુનિવર્સિટી'ના લાંબા સમય ઉપકુલપતિ રહ્યા હતા. કહો, તે કોણ?**

(ક) ઉમાશંકર જોશી (ખ) વિનોદ જોશી
(ગ) આનંદશંકર ધ્રુવ (ઘ) હંસાબેન મહેતા

**જવાબો**
૧-ક, ૨-ગ, ૩-ખ, ૪-ઘ, ૫-ગ


# વિલક્ષણ કાવ્યપ્રતિભાથી ઝળહળતો સિતાંશુ યશશ્ચન્દ્રનો કાવ્યલોક

**થેન્ક યુ સંપાદક : યોગેશ જોષી, ઊર્મિલા ઠાકર**

ગુજરાતી સાહિત્યનાં રસિક ભાવકો, અભ્યાસુઓ અને વિવેચકોએ સિતાંશુ યશશ્ચન્દ્રની સાહિત્યકાર તરીકેની ઓળખ કાવ્યકેન્દ્રી રાખી છે. બાકી, તેઓ નાટ્યસર્જક, વિવેચક અને સંપાદક પણ છે. 1974માં 'ઓડિસ્યુસનું હલેસું' કાવ્યસંગ્રહ પ્રગટ થયા પછી 12 વર્ષે 'જટાયુ', વળી તેનાં 23 વર્ષ પછી 'વખાર' અને ત્યાર પછીના 10મા વર્ષે મહાભોજ. આ સંગ્રહ પછી પણ તેમની નિત્યનૂતન કાવ્યસર્જકતા ભાવકોને વિસ્મિત રાખ્યાં છે. હમણાં યોગેશ જોષી-ઊર્મિલા ઠાકર સંપાદિત સિતાંશુ યશશ્ચન્દ્રનો કાવ્યલોક પ્રગટ થયો છે. 'આઝાદીનું અમૃતપર્વ' નિમિત્તે ડિવાઈન અમૃતપર્વ કાવ્યશ્રેણી જેવો પ્રકલ્પ વિચારાયો તે ઉત્તમ કહેવાય. ગુજરાતી ભાષામાં સહુથી વધુ કવિતાઓ જ લખાય છે ને અનેક વ્યવસાયી પ્રકાશકો તો તેને અડવા પણ તૈયાર થતા નથી. અમૃત ચૌધરીએ કાવ્યસ્વરૂપને જ કેન્દ્રમાં રાખી શ્રેણી વિચારી અને ઉપલબ્ધ સંપાદકોમાં યોગ્યને પસંદ કરી પાર પાડી રહ્યા છે.

સિતાંશુ યશશ્ચન્દ્રનાં 150 જેટલાં કાવ્યોમાંથી સંપાદકોએ 75 એટલે કે અડધાં કાવ્યો પસંદ કરવાનાં હતાં અને કર્યાં છે. સિતાંશુ કાવ્યરસિકો અને અભ્યાસીઓના મનમાં જરૂર ચણભણ થશે કારણ કે સિતાંશુભાઈ માટે દરેક લખાતી કવિતા તેમની સર્જકતાના અનિવાર્યનું કૃતિરૂપ બની છે. સંપાદન છે તો તેની મર્યાદા છે એટલે તેના સ્વીકાર સાથે જે સંપાદકીય વિશેષ પામીએ છીએ તેની વાત યોગ્ય છે. સિતાંશુ યશશ્ચન્દ્રની કાવ્ય સર્જકતા એવી છે કે તેમના સંપાદકે ગુજરાતી કાવ્યપરંપરામાં તેમના સ્થાનને સ્પષ્ટ કરી આપતી અને એ પરંપરામાં તેમણે જે વિશેષો સિધ્ધ કર્યા તે ચીંધી આપવા પડે. સિતાંશુભાઇ આધુનિક કાળના કવિ ખરા પણ દરેક કવિની આધુનિકતાની વ્યાખ્યા અલગ હોય છે. સિતાંશુ યશશ્ચન્દ્રે રાવજી પટેલ જેવી યા ગુલામ મો. શેખ જેવી કવિતા નથી લખી. તેઓ સમકાલીન છે. સિતાંશુ યશશ્ચન્દ્રમાં મિથનો ઉપયોગ આગવી રીતે થયો છે. એ જ રીતે 19મી-20મી સદીના રાજકીય ઈતિહાસ અને તેનાં પાત્રોના સંદર્ભ પણ રાજકીય સંવેદના બનીને આવ્યાં છે. ગુજરાતીમાં કોઇ કવિએ લખી નથી એટલે રાજકીય સંવેદના પ્રગટ કરતી કવિતા સિતાંશુ યશશ્ચન્દ્રે લખી છે. એ જ રીતે ગુજરાતી બોલાશના અનેક કાકુ વડે અને નાટ્યોક્તિ વડે તેમણે જે વ્યંજન પ્રગટ કરી છે તે પોતીકી મુદ્રાવાળી છે.


સંપાદક યોગેશ જોષીએ 39 પૃષ્ઠની દીર્ઘ પ્રસ્તાવના વડે ચયનીત 75 કાવ્યો અને અન્યમાં રહેલા કાવ્યવિશેષો સંપડાવ્યા છે. વિવેચનની ભાષા-પરિભાષાથી ખચિત વિશ્લેષણને બદલે કવિના જીવનનો પરિચય રચાતો જાય, તેમણે જ કરેલા પોતાની કાવ્યસર્જકતા વિશેના ઉદ્દગારો વિધાનો વડે પસંદ કરેલી રચનાનો સંપાદકીય તર્ક સ્પષ્ટ થતો આવે એ રીતે યોગેશ જોષીએ



**અક્ષરની આરાધના**

**સંપાદનઃ બકુલ ટેલર**

લખ્યું છે. તેમણે પસંદ કરેલી રીતમાં રસાળતા પણ છે ને સિતાંશુ યશશ્ચન્દ્રની કવિતાને પામવામાં મદદ કરે એવાં નિરીક્ષણો પણ છે. સિતાંશુભાઇને કેવળ સરરિયલના ઓરડામાં પૂરી ન શકાય. એમણે અનેક દિશાઓમાં અનેક વેઈનમાં કામ કર્યું છે એવું આરંભે જ કહી દઇ ઘણા વિવેચકોમાં લપટી પડી ગયેલી ઓળખનો છેદ ઉડાડે છે ને તે યોગ્ય જ છે. યોગેશભાઇએ સિતાંશુભાઇએ કાવ્યપ્રકારમાં રીતિમાં અછાંદસ કાવ્યની વિભાવના રચતા જઇ કેવું



**પુસ્તકઃ** સિતાંશુ યશશ્ચન્દ્રનો કાવ્યલોક (સંપાદન) **સંપાદકઃ** યોગેશ જોષી, ઊર્મિલા ઠાકર, **પ્રકાશકઃ** અમૃત ચૌધરી, ડિવાઈન પબ્લિકેશન્સ, 30-બીજે માળે, કૃષ્ણ કોમ્પ્લેક્ષ, જૂનું મોડલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ-380001 **મૂલ્યઃ રૂા. 450/-**

કામ કર્યું છે તેનો સઘન આલેખ રચવા પ્રયત્ન કર્યો છે. આ ખેલંદો કવિભાષા સાથે કેવા કેવા ખેલ ખેલે છે. ભાષાનું કેવું વૈવિધ્ય મળે છે આ કવિમાં. પછી જે પૃષ્ઠ 29 પરનો ખંડ છે તે અત્યંત રસપ્રદ છે. એ ખંડ 43 મુદ્રિત લીટીનો છે અને કયાંય પૂર્ણવિરામ નથી, છેલ્લે પણ નથી. યોગેશ જોષી પોતે વિવેચકથી વધુ કવિ, નવલકથાકાર, વ્યક્તિચરિત્રના લેખક છે. એટલે અહીં પણ અભિવ્યક્તિ પ્રયોગ કરી સિતાંશુ યશશ્ચન્દ્રની સર્જકતાના ઝળહળતા બિન્દુ પ્રગટ કરી આપે છે.

ગંગા, જમુના અને સરસ્વતી નદીઓની જેમ સિતાંશુની કવિતાના મુખ્ય 3 પ્રવાહો છે. સરસિયલ મિથ અને પ્રતિબધ્ધતા. (શબ્દ અને સચ્ચાઇ માટેની પ્રતિબધ્ધતા) એમ કહ્યા પછી સિતાંશુભાઇએ સ્વયં જે કહ્યું છે તે પણ અન્ય કવિતા સંદર્ભે નોંધે છે. સાચી કાવ્યભાષાનો મુકાબલો રાજ્યસત્તા સાથે હોય છે અને એ સંઘર્ષ વિષયવસ્તુને સ્તરે નહીં, વાક્-ક્રીડાના સ્તરે ખેલાય છે. આ સંપાદનની કવિતાઓ સિતાંશુ યશશ્ચન્દ્રના કાવ્યલોકનો સઘન ભાવે અને આપણા કાવ્ય સર્જનોત્સુકોમાં સિસૃક્ષાભાવ જગાડે એ રીતે પસંદ થઇ છે. જે આ સંપાદનમાંથી પસાર થશે તેને કવિના ચારેય કાવ્યસંગ્રહોના કાવ્યાસ્વાદની ઇચ્છા જાગશે. સંપાદનની આ પણ સફળતા કહેવાવી જોઇએ. અન્ય રીતે પણ તે ભાવકોત્તેજક છે. કુલ 336 પૃષ્ઠના સંપાદનનાં છેલ્લાં પૃષ્ઠોમાં કવિ પરિચય બહુ વિગતે અપાયો છે અને એ જ રીતે ચારેય કાવ્યસંગ્રહના પ્રકાશનવર્ષની વિગત ઉપરાંત એ કાવ્યસંગ્રહ અન્ય ભાષામાં અનુવાદિત થયો હોય તેનીય વિગત છે. પાંચ મૌલિક, ત્રણ રૂપાન્તરિત નાટકો ઉપરાંત તેમાંથી જે જે નાટકો ભજવાયાં તેની પણ તેના દિગ્દર્શકો સાથેની વિગતો છે. કાવ્યમીમાંસા (બે ગ્રંથો) વિવેચન (છ ગ્રંથ) ઉપરાંત સિતાંશુ યશશ્ચન્દ્રે ગ્રંથ અને સામયિક સંપાદનમાં જે કામ કર્યું છે તેની વિગતો છે. સિતાંશુભાઇ સ્વયં તો પોતાની સમગ્ર કવિતાનું સંકલન પ્રગટ ન કરે કારણ કે તેઓ તો અજસ્રધારે લખતા કવિ છે પણ તેમની કવિતા અહીં દળદાર સંપાદનરૂપે સંચિત થઇ તે રસિકો અને કાવ્યાભ્યાસીઓને ગમશે. હકીકતે તો મોટા ગણાતા કવિઓના એકથી વધુ દષ્ટિથી સંપાદનો થવાં જોઇએ. એવી સ્થિતિ આવે તેની રાહ જોતાં આ સંપાદન માટે આનંદ પ્રગટ કરીએ. ડિવાઈન પબ્લિકેશન્સ અને યોગેશ જોષી, ઊર્મિલા ઠાકરનો સંપાદનશ્રમ એક સારા પ્રોડક્શન તરીકે ઉપલબ્ધ થયો છે.

## કિશોરોને વંચાવો, ગણપતિ મહિમા સમજાવો

ગણેશ ચતુર્થી છે અને 10 દિવસ જેનો મહિમા છે એને જ કેન્દ્રમાં રાખી વિનાયક ગણપતિ એક વિશ્વ વ્યવસ્થા નામે એક નાનકડું પુસ્તક છે. ડો. સમીર બત્રા લિખિત આ વાર્તા-પુસ્તકમાં વિનાયક એક કિશોર વયના વિદ્યાર્થીનું નામ છે. તેને વયસહજ ગણપતિ વિશે જિજ્ઞાસા છે અને એ જિજ્ઞાસાના ઉત્તમ રૂપે અહીં ગણપતિના સ્વરૂપને બુધ્ધિપૂર્વક સમજાવવાનો રસિક પ્રયત્ન થયો છે. ગણપતિ પૂજા કેટલી અને કઇ રીતે તાર્કિક છે અને અધ્યાત્મના સંકેતોથી સભર



છે તેનું ખૂબ સરસ આલેખન આ લઘુગ્રંથમાં છે. રામ, કૃષ્ણ, રાવણ, અર્જુન, ભીમ, શંકર, હનુમાન, ગણેશ, મહાકાળી, અંબા આપણા ભારતીય લોકમનમાં વસતાં પુરાકથાનાં પાત્રો છે. કોઇપણ બાળક કિશોરાવસ્થામાં પ્રવેશે એટલે તેના મનમાં આ બધાં પાત્રો વિશે કુતૂહલભર્યા પ્રશ્નો જાગે. ડો. સમીર બત્રાએ ગજેન્દ્રભાઇ, ગૌરીબેન, વિનાયક અને રિધ્ધિ જેવાં પાત્રો વડે ગણપતિ કથા આલેખી છે. લેખકે વેદ-પુરાણના સંદર્ભો ખોલતા જઇ આ ગણપતિકથાલોકને રસપ્રદ બનાવ્યો છે. મઝા તો ત્યાં છે કે કમ્પ્યુટર ટેકનોલોજી, સોફ્ટવેર, ગૂગલ, કોડિંગ અને આઈડેન્ટિટી એપ પણ આ કથાના ભાગ બન્યા છે એટલે આજના કિશોરો વ્યવહારમાં જે સંદર્ભો સાથે જોડાયેલા છે તે અહીં સંવાદની ભૂમિકા રચે છે. તેમણે ગણપતિ સાથે જોડાયેલી પુરાણકથાનાં વૈજ્ઞાનિક રહસ્યો પણ મઝાથી નોંધ્યાં છે. હાથી તો આમ પણ બાળકો કિશોરોને ગમતો જીવ છે. એટલે હાથીનું મુખ ધરાવતા દેવનું તો વિસ્મય હોય જ. ડો. બત્રાનું આ પુસ્તક આમ પણ કોઇ પણ વાચકને ગણપતિ વિશે ઘણું કહેશે પણ કિશોરો સાવ પોતીકાભાવથી વાંચી શકશે. લેખકે આલેખનનું જ માળખું વિચાર્યું છે તે વાર્તામય રહીને બધી વિગત સંદર્ભ આપે એવું છે. ગણપતિ તો બુધ્ધિના દેવતા ગણાય છે તો આ દિવસોની બુધ્ધિપૂર્વકની પસંદગી આ પુસ્તક હોય છે.

**પુસ્તકઃ** વિનાયક ગણપતિ એક વિશ્વ વ્યવસ્થા લેખકઃ ડો. સમીર બત્રા **પ્રકાશકઃ** બીજલ પ્રકાશન 103, યોગસૃષ્ટિ એપાર્ટમેન્ટ, વહાણવરસ માતાના મંદિર પાસે, ઇલોરા પાર્ક, વડોદરા 390023, **કિંમતઃ રૂ. 60/-**

## હસવા વળી શું વાંઢો

અત્યારે પોઢી ગયેલા દેવ ચાર મહિને જાગવાના છે. બાર મહિનામાં ચાર મહિના તે વળી સૂઈ જવાનું હોય? પણ દેવોને આપણાથી કાંઈ કહેવાય નહીં. આ તો એવી ચિંતાથી લખીએ છીએ કે ચાર દરમિયાન જે ઘણી પ્રવૃત્તિઓ ન થઈ શકે તેમાંની એક અને ખાસ પ્રવૃત્તિ લગ્ન ન થઈ શકવાની છે. રહેવાતું ન હોય ને કોર્ટમાં પરણો તો પરણનારાં જાણે. જો કે પરણનારાંનાં સુખ તો પરણતી વેળા પરણનારાં જાણે પણ જે વાંઢા રહી જાય અને જેમના માટે પોઢેલા દેવ જાગે જ નહીં તેમનું શું? સુનીલ ભીમાણીનું એક પુસ્તક છેઃ 'વાંઢાંની પીડાનું હાસ્યોપનિષદઃ વિવાહપુરાણ'.



આમ તો મઝા માટે લખાયેલી હાસ્યકથા છે. વાંઢાઓનો ઠઠ્ઠો થયો છે (- પણ વાંઢીઓનું કંઈ નહીં?) સરકારી પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક એવા સુનીલભાઈએ આ હાસ્યકથા નિમિત્તે આપણા સમાજની લગ્નવ્યવસ્થા અને તેમાં વિધવિધ કારણે પરણ્યા વિના રહી જતાં વાંઢાઓની પીડાનું એ રીતે આલેખન કર્યું છે કે વાચકને હસવું આવે, પણ હાં, તે વાંઢો ન હોવો જોઈએ. જે કુંવારા હોય તેના માટે લગ્નની ઈચ્છા અનેક પ્રકારની રોમેન્ટિક કલ્પનાઓ, તરંગથી ભરેલી હોય છે પણ લગ્ન ગોઠવવાના આવે એટલે એવા એવા સવાલોના ઘેરામાં આવી જાય કે તેની પીડાનો રંગ ઘેરો થઈ જાય. લેખકે વિશિષ્ટ વ્યક્તિઓની વિશિષ્ટ ચેષ્ટાઓ વડે અહીં 'વિવાહપુરાણ' સર્જ્યું છે ને તેમાં જ તેમના વાંઢા રહેવાનાં કારણો આલેખ્યાં છે. અલબત્ત, હાસ્ય ઉપજાવવા માટે લેખક એવા તુક્કા-તરંગ પર ઊતરી આવે, જે હાસ્યના રસને જરા ખાટો, તૂરો કરે. ક્યારેક એવી ઉપમા યોજે જેનો મૂળ વસ્તુ સાથે મેળ ખાતો ન હોય. બાકી, આવી થોડી મર્યાદા બાદ કરો તો બહુ રસળતી રીતે, નર્મ-મર્મ ઉપજાવતાં આ હાસ્યકથા આલેખાયેલી છે. વાંચતાં વાંચતાં તમને તમારી આસપાસનાં કેટલાંક સ્વજનનું પ્રતિબિંબ પણ જોવા મળશે. પરણવું ગમે પણ પરણાય નહીં ત્યારે એ વ્યક્તિને પીડા થાય પણ એક જ કન્યામાં તમે તમારી કલ્પેલી હજાર કન્યાઓ તો પામી ન શકો અને સામે સમાજના લોકોનીય અપેક્ષા જબરી હોય. શું કરવું આ દશાનું? સુનીલ ભીમાણીએ હાસ્યરસની શરતે આમ તો વ્યંગ્ય લખ્યો છે ને તે બહાને જેના લગ્નનાં મુહૂર્ત નથી નીકળ્યાં તેવા મુરતિયાનાં ઢંગ લખ્યા છે. લગ્નની સીઝન શરૂ થવાને ચાર મહિના બાકી છે, તે પહેલાં વાંચી લેજો.

**પુસ્તકઃ** વિવાહપુરાણ **લેખકઃ** સુનીલ ભીમાણી **પ્રકાશકઃ** આર. આર. શેઠ એન્ડ કંપની, મુંબઈ-અમદાવાદ **કિંમતઃ રૂા. ૧૨૫/-**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### 'ગુજરાતમિત્ર'ના ૧૬૪મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે અભિનંદન

સત્ય, તટસ્થતા અને નિષ્પક્ષ પત્રકારત્વના સિદ્ધાંતોને વરેલું દક્ષિણ ગુજરાતનું લોકપ્રિય દૈનિક 'ગુજરાતમિત્ર' જ્યારે પોતાના ગૌરવવંતા ૧૬૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે, ત્યારે સમગ્ર 'ગુજરાતમિત્ર' પરિવાર અને આપને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. ૧૮૬૩થી શરૂ થયેલી આ અવિરત પ્રવાસી યાત્રા આજે પણ એટલી જ તાજી, વિશ્વસનીય અને લોકભોગ્ય રહી છે. ડિજિટલ યુગ અને સોશિયલ મીડિયાના આ સમયમાં જ્યાં તાજા સમાચાર સાથે તટસ્થતા જાળવવી પડકારજનક છે, ત્યાં 'ગુજરાતમિત્ર' એ પ્રજાનો અવાજ બનીને પોતાના આદર્શો જાળવી રાખ્યા છે. પ્રજાના પ્રશ્નોને વાચા આપવી, સમાજના વિવિધ વર્ગોને યોગ્ય ન્યાય અપાવવો અને વાંચકોને ગુણવત્તાસભર વાચન પૂરું પાડવું એ આપની ઓળખ બની ગઈ છે. 'દક્ષિણ ગુજરાતની જનતાનું ધબકારા સમાન આ અખબાર આવનારા અનેક દાયકાઓ સુધી પત્રકારત્વની જ્યોત આમ જ પ્રજ્વલિત રાખે અને ઉત્તરોત્તર પ્રગતિના નવા શિખરો સર કરે તેવી હાર્દિક શુભકામનાઓ.'

**અમરોલી - દીપુ પટેલ**

### વિકાસના માર્ગમાં મોટો અવરોધ

જમીન એ માનવજીવનની મહત્વની જરૂરિયાત છે. પરંતુ જમીનની માલિકી, હદ, વારસો કે વેચાણને લઈને અનેક વખત વિવાદો ઊભા થાય છે. આવા જમીનવિવાદો પરિવાર, પડોશીઓ અને સમાજ વચ્ચેના સંબંધોમાં કડવાશ પેદા કરે છે. ઘણી વખત નાના વિવાદો મોટા ઝઘડામાં ફેરવાઈ જાય છે અને કોર્ટ-કચેરીના ચક્કર લગાવવા પડે છે. જમીનવિવાદનાં મુખ્ય કારણોમાં જમીનના દસ્તાવેજોમાં ગેરસમજ, વારસાગત મિલકતની વહેંચણીમાં મતભેદ, જમીનની હદ અંગેનો વિવાદ અને ખોટા દાવા વગેરે છે. આવા વિવાદોને કારણે સમય, પૈસા અને માનસિક શાંતિનો વ્યય થાય છે. જમીનવિવાદો ટાળવા માટે જમીનના તમામ દસ્તાવેજો યોગ્ય રીતે સાચવવા જોઈએ. જમીનની ખરીદી-વેચાણ કરતી વખતે કાયદેસરની તપાસ કરવી જોઈએ. પરિવારની મિલકતની વહેંચણીમાં સૌની સંમતિ લેવી જરૂરી છે. વિવાદ ઊભો થાય ત્યારે ઝઘડો કરવાને બદલે વડીલોની સલાહ, મધ્યસ્થી અથવા કાયદેસરની મદદ લેવી જોઈએ. આથી જમીનવિવાદનો ઉકેલ સમજદારી, સંવાદ અને કાયદાકીય માર્ગ દ્વારા લાવવો જોઈએ. શાંતિપૂર્ણ સમાધાનથી સમય અને સંપત્તિ બંને બચાવી શકાય છે.

**નવસારી - શારદા મહેતા**

### માનવજીવન અને ટેકનોલોજી

માનવજીવન સાથે ટેકનોલોજી વણાઈ ગયેલ છે. આ ટેકનોલોજી સમયે સમયે બદલાતી જાય છે. ટેકનોલોજી માનવજાત માટે આશીર્વાદ રૂપ છે. પરંતુ હાલ એ.આઈ. યુગની શરૂઆત થઇ ગઈ છે. આ એક એવી ટેકનોલોજી છે જે આપણું દરેક કામ મીનીટોમાં કરી દે છે. સારી વાત છે પરંતુ આજનો માનવી ધીરે ધીરે યંત્રો પર નિર્ભર બનતો જાય છે. પરિણામે યંત્રો માનવી પર હાવી થઇ રહ્યાં છે. આજ કાલ એ.આઈ. વિશે જ વધુ સમાચાર આવી રહ્યા છે. કારણ કે આ ટેકનોલોજી આપણા માટે નવી છે. હજી ઘણાં લોકો એના વિષે પૂરેપૂરું જાણતા પણ ન હશે એ પણ ખરું.. આ યંત્રો વગર માનવીને સહેજ પણ ચાલવાનું નથી, તેમ છતાં માનવી એ માનવી છે. માણસ પર ટેકનોલોજી હાવી થઈ જશે તો પછી માનવીનું શું ? હાલ સમાચાર આવ્યા છે કે એ.આઈ. માનવજીવનને ખતમ કરી દેશે. જો માનવજીવન જ ન રહેવાનું હોય તો પછી ટેકનોલોજીનું શું? માનવ છે તો ટેકનોલોજી છે. માનવી કરતાં ટેકનોલોજી મોટી થઈ જાય તો પછી માનવ અસ્તિત્વ પર જોખમ આવી પડશે. ટેક્નલોજી છે તો જ માણસ છે ને બદલે માણસ છે તો ટેકનોલોજી હોવી જોઈએ.

**નવસારી - હિતેન્દ્ર ટેલર**

### મને શરમ આવે છે

અખબારમાં કેન્દ્રીય મંત્રીશ્રી નીતિન ગડકરીજીનું સ્ટેટમેન્ટ વાંચીને ખૂબ જ આનંદ અને આશ્ચર્ય પણ થયું. એઓએ જણાવ્યું કે મુંબઈ- ગોવા હાઈવેના ઉદ્ઘાટનમાં હું હાજર નહીં રહું , મને શરમ આવી રહી છે કે આ પ્રોજેક્ટમાં આટલો બધો વિલંબ થયો. આ સમાચાર વાંચ્યા પછી એવું થયું કે કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ તથા ચૂંટાયેલા નેતાઓ અને અધિકારીઓ એમના મતવિસ્તાર કે ઓફિસમાં ગોકળગાય કે મંદ ગતિએ ચાલી રહેલા કામ અંગે પણ પોતાનો રોષ વ્યક્ત કરીને શરમ અનુભવતા થઈ જાય તો જ આ દેશનો વિકાસ થઈ શકશે ! દરેક નેતા અને અધિકારીને કામમાં થઈ રહેલા વિલંબ અંગે તથા પ્રજાના નહીં થઈ રહેલા કામ અંગે ગુસ્સો આવવો જોઈએ. આપણે એવી આશા રાખીએ કે ખરેખર એવું થાય! જો બધા જવાબદાર નેતાઓ અને અધિકારીઓ આવું નક્કી કરશે તો આપણા દેશમાં ઘણા બધા બ્લેકલિસ્ટ થઈ જશે ! પ્રજા એવી અપેક્ષા રાખી રહી છે કે દરેક નેતાઓ અને અધિકારીઓ ગડકરીજીની જેમ નવા રેકોર્ડ સેટ કરવાની પ્રતિજ્ઞા લેશે તો પ્રજા એમનું જાહેર અભિવાદન કરશે. પ્રજા તો ખોટા અને બેજવાબદાર નેતાને ચૂંટી કાઢ્યા પછી ભારોભાર પસ્તાય છે. આશા રાખીએ કે બીજા મંત્રીઓ અને નેતાઓ તથા અધિકારીઓ પણ જાહેરમાં એકરાર કરીને પ્રજાના નહીં થતાં કામ અંગે અફસોસ વ્યક્ત કરે એ આજના સમયની માંગ છે.

**નવસારી - ડૉ. જે.એમ.નાયક**

### બહાનાં બંધ કરો, હવે આગળ વધવાનો સમય છે

પરિસ્થિતિને દોષ આપવાથી બદલાવ આવતો નથી. આપણે જીવનની દરેક મુશ્કેલી માટે કોઈને કોઈ જવાબદાર ઠેરવીએ છીએ.–સમય નથી, પૈસા નથી, સરકાર સારી નથી, વ્યવસ્થા ખરાબ છે, લોકો સાથ આપતા નથી, નસીબ સાથ આપતું નથી... બહાનાં એટલાં છે કે જાણે જીવન જીવવા કરતાં બહાનાં બનાવવામાં જ આપણી સૌથી મોટી સિદ્ધિ હોય! પરંતુ કડવું સત્ય એ છે કે બહાનાં પરિસ્થિતિને બદલે નહીં, માત્ર આપણને સંતોષ આપે છે. ફરિયાદ કરવી સહેલી છે, પરંતુ પોતાની જવાબદારી સ્વીકારવી મુશ્કેલ છે. વ્યક્તિગત જીવનમાં આગળ વધવું હોય તો સૌ પ્રથમ બહાનાં છોડવાં પડશે. મોટી લડાઈ જીતવા પહેલાં નાની શરૂઆત કરવી પડશે.આ વાત માત્ર વ્યક્તિ પૂરતી નથી. દેશ માટે પણ માત્ર સરકારને દોષ આપવાથી કામ નહીં ચાલે. ઈમાનદારીથી કામ કરતો કર્મચારી, નિષ્ઠાથી ભણાવતો શિક્ષક, મહેનત કરતો યુવાન, પ્રામાણિક વેપારી અને પોતાની ફરજ સમજતો નાગરિક દરેક રાષ્ટ્રનિર્માણમાં પોતાનો ફાળો આપે છે. આપણે વારંવાર કહીએ છીએ, "કોઈક તો બદલાશે." પરંતુ સવાલ એ છે કે એ 'કોઈક' આપણે કેમ ન હોઈએ? પરિવર્તન માટે હંમેશા મોટી શરૂઆત જરૂરી નથી. હવે પસંદગી આપણી છે. બહાનાં રાખવાં છે કે ભવિષ્ય બનાવવું છે? દેશ રાહ નથી જોતો, જેટલો સમય પણ રાહ નથી જોતો, તો પછી બહાનાં બંધ કરો... જવાબદારી સ્વીકારો અને આગળ વધો.

**સુરત - સંદીપ માંગુકિયા**

### કપડાં અને તેની માનસિકતા

હાલમાં બોલીવુડ અભિનેત્રી કૃતિ સેનનના રક્ષાબંધન કરતી વખતનાં કપડાંને લઈને ઘણો વિવાદ ચાલી રહ્યો છે. કેટલાંક તેની તરફેણમાં દલીલ કરતાં કહે છે કે કોઈ પણ તેની મરજી મુજબ કપડાં પહેરવા સ્વતંત્ર છે, જ્યારે કેટલાંક તેનો વિરોધ કરે છે. જે મુદ્દે ને સોશ્યલ મીડિયામાં ઘણી ટ્રોલ થઈ ઊઠી. આમ જોઈએ તો, કપડાં તમારા ચારિત્યનું સર્ટિફિકેટ નથી. પણ કપડાં તમારી સમજ, સંસ્કારિતા તથા પરિપક્વતા જરૂર ઉજાગર કરે છે. સ્થળ, સમય અનુસાર કપડાંની પસંદગી થાય છે. મરણ પ્રસંગે સાદા તથા લગ્ન જેવા પ્રસંગે ભારે કપડાં પહેરવાં એ આપણી સમજ છે. પ્રસંગ અનુસાર કપડાં ન પહેરીએ, તો ક્યારેક હાસ્યાસ્પદ સ્થિતિમાં પણ મૂકાવું પડે. વળી, આપણી ભારતીય સંસ્કૃતિ મર્યાદા, સંસ્કાર તથા શાલિનતાને ઉજાગર કરે છે અને રક્ષાબંધન જેવા પવિત્ર તહેવારમાં ટૂંકા ને અરુચિકર કપડાં પહેરી રાખડી બાંધવી કોઈ રીતે શોભનીય નથી જ નથી. આમ, કપડાં આપણા વ્યક્તિત્વ, સભ્યતા, સંસ્કારને ઉજાગર કરે છે.

**સુરત - કલ્પના બામણિયા**